Received on : 05-03-2026
Registered on : 05-03-2026
Decided on : 23-03-2026
Duration : Y M D
- - 18

# જૂનાગઢના મે.છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ. જુનાગઢ

**<u>ફોજદારી પરચુ.અરજી નં. ૧૬૮/૨૦૨૬.</u>**

<u>આંક-</u>

**<u>અરજદાર.</u>** સમદ ઉર્ફે પોપો મહેમુદ શેખ,
ઉ.વ.આ.૩૦,ધંધો-વેપાર,
રહે. ન્યુ મુંબઈ, ઉલ્વે સેકટર-૨૧,
વિઘ્નહર્તા કોમ્પલેક્ષ-બી-૨,
રૂમ નં.૪૦૨, નવી મુંબઈ (મહારાષ્ટ્ર)
હાલ : સબ જેલ માંગરોળ.

**<u>-:: વિરૂઘ્ધ ::-</u>**

**<u>સામાવાળા</u>.** શ્રી સરકાર,
સમન્સ થ્રુ : સરકારી વકીલશ્રી,
જૂનાગઢ.

**વિષય :-** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન અરજી.

**ગુન્હો :-** એન.ડી.પી.એસ. એકટની કલમ - ૮(સી), ૨૨(બી), ૨૯

**સંદર્ભ :-** માંગરોળ પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નં. ૧૧૨૦૩૦૩૮૨૪૦૪૦૭/ ૨૪

---

અરજદાર/આરોપી તરફે :વિ.વકીલશ્રી.વી.એલ.દેવાણી
સામાવાળા શ્રી સરકાર તરફે :વિ. પી.પી.શ્રી ડી.સી.ઠાકર

---

**-: ઠ રા વ :-**

(૧) હાલની અરજી અરજદાર/આરોપીએ માંગરોળ પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નં. ૧૧૨૦૩૦૩૮૨૪૦૪૦૭/ ૨૪, એન.ડી.પી.એસ. એકટની કલમ – ૮(સી), ૨૨(બી), ૨૯ મુજબના ગુનાના કામે જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, જામીન ઉપર મુકત થવા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૩ અન્વયે આ રેગ્યુલર જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદાર/આરોપીની અરજી સંબંધે શ્રી સરકારશ્રીને નોટીશ કરતા સરકાર તરફે વિ. જીલ્લા સરકારી વકીલશ્રી ડી.સી.ઠાકરનાઓ હાજર થયેલ છે અને આંક–૦૬ થી તપાસ કરનાર અમલદાર જે.જે.પટેલ, પો.ઈન્સ., માંગરોળ પો.સ્ટે.નાઓનું સોગંદનામું રજુ રાખેલ છે.

(૩) આ કામે અરજદાર/આરોપી તરફે વિ. વકીલશ્રી વી.એલ.દેવાણીનાઓએ જામીન અરજી મુજબની રજુઆત કરી જણાવેલ છે કે,માં ગરોળ પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નં. ૧૧૨૦૩૦૩૮૨૪૦૪૦૭/ ૨૪, એન.ડી.પી.એસ. એકટની કલમ – ૮(સી), ૨૨(બી), ૨૯ મુજબના ગુનાની ફરીયાદ નોંધવામાં આવેલી છે. વધુમાં રજુઆત કરેલ છે કે, હાલના કામના અરજદાર/આરોપી નં.૫ તરીકે રહેલ છે. હાલના કામના અરજદાર/આરોપી ચાર્જશીટ થતા હાલની આ પ્રથમ જામીન અરજી કરેલ છે. આ કામે મુદદામાલ મેફેડ્રોન ડ્રગ્સ જથ્થો ધ્યાને લેતા ૨૩.૯૯ ગ્રામ રહેલ છે. આ કામે અગાઉ પકડાયેલ ૪ આરોપીઓ જામીન ઉપર મુકત થયેલ છે. આરોપી નં.૨ અરીસા ડો/ઓ જુબેર અહમદ રફીક તથા આરોપી નં.૩. તાસીફા ડો/ઓ નદીમ જહુરખાનનાઓ સાથે પકડાયેલ હતા અને તેઓ પાસેથી જે એમ.ડી.ડ્રગ્સનો જથ્થો રહેલ તે ૨.૦૫ ગ્રામ એમ.ડી.જથ્થો મળી આવેલ હતો. વધુમાં જણાવેલ છે કે, આરોપી નં.૨ નાએ હાલના કામના અરજદાર/આરોપીનું નામ તપાસ દરમ્યાન

જણાવેલ છે. આ કામે ગુનામાં સંડોવાયેલ જથ્થો ધ્યાને લેતા ઈન્ટર મીડીયટ કવોન્ટીટીનો રહેલ છે. જેથી એન.ડી.પી.એસ.એકટની કલમ ૩૭ લાગું પડે નહી. વધુમાં અરજદાર/આરોપી જે શરતો ફરમાવવામાં આવે તે તમામ શરતોનું પાલન કરવા તૈયાર અને ખુશી છે. જેથી અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમાં એન.ડી.પી.એસ. એકટની કલમ ૬૭ મુજબ ગુના અંગેની તપાસ કરનાર અધિકારી સામે કબુલાત ગ્રાહય રાખી શકાય નહી. તેઓએ તેમની રજુઆતના સમર્થનમાં હિમાચલપ્રદેશ હાઈકોર્ટ HIghcourt of Himachal Pradesh at.Shimla, Tidj Mamane @ Tidy Mamane Vs. State of H.P. & Anr. Cr.MP(M) No.254 of 2025 નો ચુકાદો રજુ રાખી અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

(૪) જયારે સામાવાળા ફરીયાદપક્ષે વિ. પી.પી. શ્રી ડી.સી.ઠાકરનાઓએ જામીન અરજી લગત વાંધો હોવાનુ જણાવી રજુઆત કરેલ છે કે, હાલના કામની એફ.આઈ.આર. માં કુલ ૪ આરોપીઓ છે જે પૈકી આરોપી નં.૧ ની પુછપરછ દરમ્યાન હાલના કામના આરોપીએ એમ.ડી.ડ્રગ્સનો જથ્થો પુરો પાડેલ હોવાની હકીકત જણાવેલ છે. વધુમાં આ કામે ચાર્જશીટ થઈ ગયેલ છે. વધુમાં આ કામે એરટેલ કંપની તથા જીયો કંપનીના નોડલ ઓફીસરને પણ સાહેદ તરીકે દર્શાવેલ છે. આ કામે આરોપીઓ એકબીજાના સંપર્કમાં રહેલ હતા. વધુમાં રજુઆત કરેલ છે કે, અન્ય આરોપીના નિવેદનમાં અન્ય આરોપીને સંડોવતી હકીકત ધ્યાને લઈ શકાય નહી પરંતુ તે દિશામાં તપાસ કરતા કોઈ મહત્વની હકીકત મળી આવે તો તે માનવી પડે. વધુમાં રજુઆત કરેલ છે કે, હાલના કામે અન્ય આરોપીઓ સામે ચાર્જશીટ થયેલ છે. વધુમાં તપાસ દરમ્યાન કોઈ ડીટેલ તથા સ્ક્રીન શોટ લેવામાં આવેલ છે. જેમાં હાલના કામના અરજદાર/આરોપીની સંડોવણી ફલીત થાય છે. હાલના કામના અરજદાર/આરોપીએ એમ.ડી.ડ્રગ્સનો જથ્થો પુરો પાડેલ છે. વધુમાં હાલના કામના અરજદાર/આરોપીને જેમણે એમ.ડી.ડ્રગ્સનો

જથ્થે પુરો પાડેલ હતો તેને પકડવાના બાકી છે. આમ, હાલના કામનો ગુનો ઘ્યાને લેતા ગંભીર પ્રકારનો રહેલ છે. જેથી ગુનાની ગંભીરતા ઘ્યાને લઈ અરજદાર/આરોપીને જામીન મુકત ન કરવા રજુઆત કરેલ છે.

(૫) બંને પક્ષોના વિ.વ.શ્રીની દલીલો, તપાસ કરનાર અધિકારી જે.જે.પટેલ, પો.ઈન્સ., માંગરોળ પો.સ્ટે.નાઓનું આંક–૦૬ નું સોગંદનામું તથા રજુ રેકર્ડ ઘ્યાને લીધુ. ફરીયાદપક્ષના કેસની હકીકત જોવામાં આવે તો, આરોપી બાબર ઉર્ફે સલીમ ઈસમાઈલ ઉર્ફે હાજી ઈસ્માઈલ મતવા ઉર્ફે ખુરેશીનાઓએ મુંબઈ ખાતેથી આરોપી નં.ર અરીસા તથા આરોપી નં.૩ તસીફા પાસેથી ગેરકાયદેસર આધાર પુરાવા વગરનો મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો મંગાવી અને હાલના કામના અરજદાર/આરોપીએ આરોપી નં.ર અરીસાને ગેરકાયદેસર આધાર પુરાવા વગરનો મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો પુરો પાડી અને આરોપી નં.ર અરીસા અને આરોપી તાસીફા ડો/ઓ નદીમ જહુરખાનએ આરોપી નં.૪ બાબર ઉર્ફે સલીમ ઈસ્માઈલ ઉર્ફે હાજી ઈસમાઈલ મતવા ઉર્ફે કુરેશીને ડ્રગ્સનો જથ્થો આપવા આવતા આરોપી નં.૪ નાએ આરોપી નં.૧ થી ૩ ને માગરોળ ખાતે વેચાણ અર્થે મોકલી માંગરોળ પહોંચી આરોપી નં.૪ એ ફોન કરી કહે તેને વેચવા જણાવી રેડ દરમ્યાન આરોપી નં.૧ થી ૩ નાએ મેફડ્રોન ડ્રગ્સનો ૨૩.૯૯ ગ્રામ, ઝીપ બેગ, પ્લાસ્ટીકની ખાલી કોથળી, મોબાઈલ, રોકડ રકમ, વજનકાંટો તથા વાહન સાથે મળી આવી આરોપી નં.૧ થી ૩ પકડાઈ જઈ તથા આરોપી નં.૪ હાજર નહી મળી આવી એકબીજાની મદદગારી કરી ગુનો કરેલ છે.

ત્યારબાદ તપાસના કામે હાલના કામના અરજદાર/આરોપીની પણ ગુનામાં સંડોવણી હોવાનું ખુલી આવતા હાલના કામના અરજદાર/આરોપીની ધરપકડ કરવામાં આવેલ છે અને આ કામાના અરજદાર/આરોપી હાલ જયુડી.કસ્ટડીમાં રહેલ છે.

(૬) આ કામેનુ રેકર્ડ ધ્યાને લેતા હાલના કામના ગુનાની તપાસ પુર્ણ થતા ચાર્જશીટ થઈ ગયેલ છે જેના એન.ડી.પી.એસ કેસ નં.૦૭/૨૦૨૬ રહેલ છે. વધુમાં આ કામે પકડાયેલ અન્ય આરોપી નં.૧ થી ૪ નાઓને નામ.ગુજરાત હાઈકોર્ટ ધ્વારા જામીન ઉપર મુકત કરવામાં આવેલ છે. વધુમાં તપાસ કરનાર અધિકારીના સોગંદનામા મુજબ હાલના કામના અરજદાર/આરોપીની ગુનામાં ભજવેલ ભુમીકા જોવામાં આવે તો, આરોપી ઈમરાન જુમા મતવા તથા બાબર ઉર્ફે સલીમ ઈસમાઈલ ઉર્ફે હાજી ઈસ્માઈલ મતવા ઉર્ફે ખુરેશીનાઓએ આરોપી નં.૩ અરીસા ડો/ઓ જુબેર અહમદ રફીક શેખ મારફતે અરજદાર/આરોપી સમદ ઉર્ફે પોપો સ/ઓ મહેમુદ શેખ પાસેથી મેફેડ્રોન ડ્રગ્સનો ગેરકાયદેસર જથ્થો મેળવી આરોપી ૪. તાસીફા ડો/ઓ નદિમ જહુરખાન સાથે મુંબઈથી ગુજરાતનાં "આકાશ" ગેસ્ટ હાઉસ, વિરપુર, જી.રાજકોટ ખાતે મેફેડ્રોન ડ્રગ્સનાં જથ્થા સાથે વેચાણ અર્થે આવી સદર ગેસ્ટ હાઉસમાં આરોપી નં.(૧) થી (૪) નાઓએ રોકાણ કરી આ દરમ્યાન નશા માટે તથા આર્થિક ફાયદા સારૂ વેચાણ અર્થે ગે.કા. રીતે મેફેડ્રોન ડ્રગ્સની આપ–લે કરી આરોપી નં.(૧) નાએ પોતાનાં હવાલાનાં મોપેડ વાહન રજી.નં.GJ–03–MN–2467 માં મહિલા આરોપી નં.૦૩ તથા મહિલા આરોપી નં.૦૪ નાઓને બેસાડી મો.સા. ચલાવી માંગરોળ, જિ.જૂનાગઢ ખાતે આવતાં હોય, અને રેઈડ દરમ્યાન આરોપી નં.(૧) ઈમરાન જુમા મતવા પાસેથી ગેર–કાયદેસર આધાર–પુરાવા વગરનો માદક પદાર્થ મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો ૨૧.૯૪ ગ્રામ જે એક ગ્રામની કિં.રૂ.૧૦,૦૦૦/– લેખે કુલ કિં.રૂ.૨,૧૯,૪૦૦/– તથા મેફેડ્રોન ડ્રગ્સ મળી આવેલ જે ખાલી કરેલ જીપ બેગ નંગ–૦૪ તથા સીલ્વર કલરની પ્લાસ્ટીકની ખાલી કોથળી નંગ–૦૧ કિં.રૂ.૦૦/– તથા વિવો કંપનીનો મોબાઈલ ફોન નંગ–૦૧ જેની કિ.રૂ.૧૦,૦૦૦/– તથા રોકડા રૂ.૨૩,૦૦૦/– તથા સેલ સંચાલિત ડીજીટલ વજનકાંટો નંગ–૦૧ કિં.રૂ.૨૦૦/– તથા પોતાના હવાલાવાળુ મોપેડ વાહન રજી.નંGJ–03–MN–2467 રૂ.૩૦,૦૦૦/– મળી કુલ કિં.રૂ.૨,૮૨,૬૦૦/– નાં મુદ્દામાલ સાથે મળી આવી તથા મહિલા આરોપી નં.(૩) અરીસા ડૉ./ઓ. જુબેર અહમદ રફીક શેખ પાસેથી ગેરકાયદેસર આધાર–પુરાવા વગરનો માદક

પદાર્થ મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો ૨.૦૫ ગ્રામ જે એક ગ્રામની કિં.રૂ.૧૦,૦૦૦/- લેખે કુલ કિં.રૂ.૨૦,૫૦૦/- તથા મેફેડ્રોન ડ્રગ્સ મળી આવેલ જે ખાલી કરેલ જીપ બેગ નંગ-૦૧ તથા ખાલી ઝીપ બેગ નંગ-૮૨ તથા પ્લાસ્ટીકની ખાલી કોથળી નંગ-૦૧ કિં.રૂ.00/00 તથા એપલ કંપનીનો મોબાઈલ ફોન નંગ-૦૧ જેની કિ.રૂ.૨૦,૦૦૦/- તથા સેલ સંચાલિત ડીજીટલ વજનકાંટો નંગ-૧ કિં.રૂ. ૨૦૦/- મળી કુલ કિં.રૂ.૪૦,૭૦૦/- ના મુદ્દામાલ સાથે મળી આવી તથા મહિલા આરોપી નં.૦૪ તાસીફા ડૉ./ઓ. નદિમ જહુર ખાન રિયલમી કંપનીનો મોબાઈલ ફોન નંગ-૦૧ જેની કિ.રૂ.૧૦,૦૦૦/- તથા રોકડા રૂ.૨૯,૭૦૦/- મળી કુલ કિં.રૂ.૩૯,૭૦૦/- ના મુદ્દામાલ સાથે મળી આવી પકડાઈ જઈ તેમજ આરોપી નં.૦૨ તથા અરજદાર આરોપી હાજર નહીં મળી આવી બાદમાં પકડાઈ જઈ તથા આરોપી સાહદાબ મુલ્લા રહે.મુંબઈ શહેર, મરોલ, નાકા બોરી કોલોની, રાજ્ય મહારાષ્ટ્ર મો.નં.૮૭૭૯૨-૮૫૮૯૪ વાળાએ સદર કામે પકડાયેલ ગે.કા. મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો અરજદાર આરોપી સમદ ઉર્ફે પોપો સ./ઓ. મહેમુદ શેખને આપી તમામ આરોપીઓએ એક-બીજાનાં સંપર્કમાં રહી ગુન્હામાં એક-બીજાની મદદગારી કરી, ગુન્હો કરેલ છે. આમ, હાલના કામના અરજદાર/આરોપીએ આરોપી ઈમરાન જુમા મતવા, બાબર ઉર્ફે સલીમ ઈસ્માઈલ ઉર્ફે હાજી ઈસ્માઈલ મતવા ઉર્ફે ખુરેશી તથા અરીસા ડો/ઓ જુબેર અહેમદભાઈ રફીકનાઓ પાસેથી મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો મેળવેલ છે. આમ, હાલના કામના અરજદાર/આરોપી મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો પુરો પાડનાર રહેલ છે. આમ, હાલના કામના અરજદાર/આરોપી ગુનાના મહત્વના આરોપી રહેલ છે અને તેઓની ગુનામાં મહત્વની ભુમીકા રહેલ છે. વધુમાં હાલના કામના અરજદાર/આરોપી વધુમાં હાલના કામના અરજદાર/આરોપી મહારાષ્ટ્રના રહેવાસી છે. જેથી ફરીયાદપક્ષે અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો તેઓ ટ્રાયલ દરમ્યાન હાજર રહેશે નહી તેવી દહેશતમાં વજુદ જણાય છે. વધુમાં આ કામે મેફેડ્રોન ડ્રગ્સનો કુલ જથ્થો ધ્યાને લેતા ૨૩.૯૯ ગ્રામ રહેલ છે. આમ, આ કામે મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો ધ્યાને લેતા ભારત સરકારના એન.ડી.પી.એસ. ડ્રગ્સના નોટીફીકેશન અન્વયે ધ્યાને લેતા આ કામે રહેલ

જથ્થો ઈન્ટર મીડીયટ કવોન્ટીટીનો રહેલ હોવની હકીકત ફલીત થાય છે. જો કે, હાલના કામના અરજદાર/આરોપીએ આ કામે અન્ય આરોપીઓને મુદદામાલ એમ.ડી.ડ્રગ્સ સપ્લાય કરેલ છે. જેથી હાલના કામના અરજદાર/આરોપીની ગુનામાં ચાવીરૂપ ભુમીકા રહેલ છે. આમ, આ કામે અગાઉ પકડાયેલ આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તેઓનો ગુનામાં રહેલ રોલ ધ્યાને લેતા હાલના કામના અરજદાર/આરોપી કરતા ભિન્ન રહેલ છે. આમ, હાલના કામના અરજદાર/આરોપીની ગુનામાં મહત્વની ભુમીકા રહેલ છે. જેથી અરજદાર/આરોપીને પેરીટીનો લાભ મળી શકે તેમ નથી. વધુમાં અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રીએ રજુઆત કરેલ છે કે, અન્ય આરોપી ધ્વારા હાલના કામના અરજદાર/આરોપીનું તપાસ દરમ્યાન નામ જણાવેલ છે. જેથી અરજદાર/આરોપીને જામીન મુકત કરવા જોઈએ. જેથી તે બાબતે જોવામાં આવે તો, હાલના કામની તપાસ પુર્ણ થતા તપાસના અંતે પુરતો પુરાવો મળી આવતા આ કામે ચાર્જશીટ કરવામાં આવેલ છે. જેથી અરજદાર તરફેની સદરહુ રજુઆત હાલના તબકકે ગ્રાહય રાખી શકાય નહી. વધુમાં અરજદાર/આરોપી તરફે તેમની રજુઆતના સમર્થનમાં HIghcourt of Himachal Pradesh at.Shimla, Tidj Mamane @ Tidy Mamane Vs. State of H.P. & Anr. Cr.MP(M) No.254 of 2025 નો ચુકાદો રજુ રાખેલ છે. જે આ કામે વંચાણે લેવામાં આવેલ છે. જો કે, હાલના કામે જોવામાં આવે તો, ગુનાની તપાસ પુર્ણ થતા આરોપી સામે પુરતો પુરાવો મળી આવતા ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે. આમ, સદરહુ ચુકાદાની હકીકત તથા હાલના ચુકાદાની હકીકત ભિન્ન હોય અરજદાર/આરોપીને મદદરૂપ બનતો નથી. વધુમાં ભારત દેશમાં આવા પ્રકારના ગેરકાયદેસરનો માદક પદાર્થ લાવી યુવાનોને નશાના રવાડે ચડાવી એક આખી પેઢી બરબાદ થાય છે. વધુમાં આવા ગેરકાયદેસર માદક પદાર્થના વેચાણથી થયેલ આર્થીક ઉપાર્જનમાંથી દેશ વિરોધી પ્રવૃતિ માટે તેનો ઉપયોગ કરવામાં આવે છે.

તેમજ માદક પદાર્થના સેવનના કારણે તે વ્યકિત તો બરબાદ થાય છે જ પણ સાથે સાથે તેનો આખો પરીવાર પણ બરબાદ થઈ જાય છે. તેમજ હાલના કામનો ગુનો એક સામાજીક ગુનો છે. વધુમાં વ્યકિત આવા પ્રકારના માદક પદાર્થના સેવન તળે અન્ય ગંભીર પ્રકારના ગુના આચરવા માટે પ્રેરાઈ છે અને ઘાતકીપણાના કૃત્યો કરવામાં આવતા હોવાના કિસ્સા પણ દિનપ્રતિદિન વધતા જાય છે. વધુમાં આવા નશાના કારણે વ્યકિત તેનો આદી બની જતા તેવી નશાની આદત છુટી શકતી નથી અને તેવી વ્યકિત કોઈપણ ભોગે આવા નશીલા પદાર્થ મેળવવાનો પ્રયત્ન કરતી હોય છે અને તેને માટે આવા પ્રકારના ગુના જેવા કે લુંટ વગેરે મુજબના ગુનાઓ આચરતી હોય છે. આમ, ઉપરોકત ચર્ચા મુજબ અરજદાર/આરોપીની હાલની જામીન અરજી નામંજુર કરવાના નિર્ણય ઉપર આવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–:હુકમ:–</u>**

– હાલના અરજદાર/આરોપી સમદ ઉર્ફે પોપો મહેમુદ શેખ, રહે. ન્યુ મુંબઈ, ઉલ્વે સેકટર–૨૧, વિઘ્નહર્તા કોમ્પલેક્ષ–બી–૨, રૂમ નં.૪૦૨, નવી મુંબઈ (મહારાષ્ટ્ર) વાળાની માંગરોળ પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નં. ૧૧૨૦૩૦૩૮૨૪૦૪૦૭/ ૨૪, એન.ડી.પી.એસ. એકટની કલમ – ૮(સી), ૨૨(બી), ૨૯ મુજબના ગુનાના કામની ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાની હાલની અરજી આથી ''નામંજુર'' કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૩/૦૩/૨૦૨૬
જુનાગઢ.

**(અમિત રમેશભાઈ રાણા)**
છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ,
જુનાગઢ
(કોડ નં.જીજે.૦૦૯૬૫)